### સમાજના શ્રેષ્ઠીઓના સહયોગથી હિંમતનગર વિધાનસભાની

# સગર્ભા માતાઓને ૩૧૦૦ મચ્છરદાની-સુખડીનું વિતરણ કરાયું



હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લા આરોગ્ય અને પરિવાર કલ્યાણ શાખા તથા સંકલિત બાળ વિકાસ યોજનાના ઉપક્રમે હિંમતનગર વિધાનસભાની સગર્ભા માતાઓને દવાયુક્ત મચ્છરદાની અને સુખડી વિતરણનો કાર્યક્રમ ગૃહ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે બાળકોની ચિંતા વ્યકત કરતા ગૃહ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પટેલે જણાવ્યું હતું કે નિરોગી બાળ અને બાળ સ્વાસ્થ્યની જવાબદારી એ માત્ર માતાની કે વ્યક્તિગત નથી પણ આ એક રાષ્ટ્રીય જવાબદારી છે. રાજ્ય સરકાર નાના બાળકોની ચિંતા કરે છે ત્યારે તેની આવતીકાલને તંદુરસ્ત બનાવવા માતાના ગર્ભમાંથી જ પોષણયુક્ત આહાર આપવાની શરૂઆત કરવામાં આવે છે. માતાઓને આંગણવાડીઓ દ્વારા ફોર્ટીફાઈડ આટો અને પોષણયુક્ત આહાર આપવામાં આવે છે. તેથી તંદુરસ્ત સમાજના નિર્માણ માટે બાળકીઓ પ્રત્યે દુર્લક્ષ ન સેવાય.

વધુમાં ગૃહ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પટેલે જણાવ્યું હતું કે સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં સૌપ્રથમ આ કિલ્લોલ પ્રોજેક્ટ અંતર્ગત કુપોષિત અને અતિ કુપોષિત એવા બાળકોને સમાજના શ્રેષ્ઠીઓ દ્વારા દત્તક લઈ બાળકોને તંદુરસ્ત બનાવવાની પહેલ કરી છે. તો સાથે સાથે હિંમતનગર તાલુકામાં જનભાગીદારી દ્વારા દર વર્ષે સગર્ભા માતાઓને મચ્છરદાનીનું વિતરણ કરવામાં આવે છે.

આ પ્રસંગે સાબરકાંઠા સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં સૌપ્રથમ આ કિલ્લોલ પ્રોજેક્ટ અંતર્ગત કુપોષિત અને અતિ કુપોષિત એવા બાળકોને સમાજના શ્રેષ્ઠીઓ દ્વારા દત્તક લઈ બાળકોને તંદુરસ્ત બનાવવાની પહેલ કરી છે.

દાતા શ્રીમતિ તેજલબેન આર. અમીને પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું.

દાતા શ્રીમતિ તેજલબેન આર. અમીન, અમીત ભટનાગર અને હસમુખભાઈ પટેલ વગેરેનું સન્માન પણ કરવામાં આવ્યું.

સાબરકાંઠા જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. જયંત કનોરીયાએ આ કાર્યક્રમનો હેતુ સમજાવતા જણાવ્યું હતું કે દરેક જન્મ થતા બાળકને સંતુલિત આહાર મળી રહે અને માતા અને બાળ મરણનું પ્રમાણ ઘટાડી શકાય એ આશયથી આ મચ્છરદાની અને સુખડી વિતરણનો કાર્યક્રમ હિંમતનગર તાલુકામાં કરવામાં આવે છે.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી રવિકુમાર અરોરા, જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ, કુ. કૌશલ્યાકુંવરબા ડીરેક્ટર એસ.ટી. નિગમ, શ્રીમતી વિષ્ણુકુંવરબા ચૌહાણ ચેરમેન મહિલા અને બાળ વિકાસ, હિંમતનગર તાલુકા પંચાયતના પ્રમુખ ચેતનાબેન પટેલ, જિલ્લા પંચાયતના વિવિધ સમિતિના ચેરમેનો, જિલ્લા/તાલુકા/નગરપાલિકાના સદસ્યશ્રીઓ સહિત આંગણવાડીની કાર્યકર બહેનો અને અન્ય લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ભાભરમાં સુંદરકાંડના ૨૩મીએ પાઠ યોજાશે

ભાભર, તા. ૨૨

ગાંધીનગરના જાણીતા કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે તા. ૨૩મી સપ્ટેમ્બર-૨૦૧૨ને રવિવારે રાત્રે ૮ કલાકે ઠક્કર સમાજવાડી ભાભર ખાતે સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. રામકથામાં આયોજીત સુંદરકાંડના પાઠમાં સર્વે ભક્તજનોને ઉપસ્થિત રહેવા આયોજકો દ્વારા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# હિંમતનગરમાં બંધ મકાનમાં ચોરી કરતા ચાર પકડાયા

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના મહાવીરનગરમાં શુક્રવારની રાત્રીના સમયે બંધ મકાનમાં ચોરી કરવા આવેલ પૈકી બે જણાને પબ્લીકે મેથીપાક તખાડ્યો હતો અને બે નાસી ગયેલ હતા. આ અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે ભોગીભાઈ ભાઈચંદભાઈ પટેલે ફરિયાદ નોંધાવતા પોલીસે નાસી ગયેલ બે જણાને પકડી મુદ્દામાલ કબ્જે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ હિંમતનગર શહેરના મહેતાપુરમાં ખાડા વિસ્તારમાં રહેતા બાબુભાઈ કાન્તીભાઈ ચૌહાણ, મહેશભાઈ સાબુભાઈ મરાઠી, નરેશભાઈ મંગાભાઈ રાવળ અને પોલોગ્રાઉન્ડમાં અંબર સિનેમા પાછળ રહેતો શૈલેષ દિનેશભાઈ ચૌહાણ આ ચારેય નરેશ રાવળની બાઈક નંબર જીજે-૯-એએ-૯૦૭૨ પર હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં ગાયત્રી મંદિર રોડ પર પુષ્કર આશ્રમ પાસે બંધ મકાનમાં શઉક્રવારની રાત્રીના ૮.૧૫ વાગેના સુમારે ચોરી કરવા ગયેલ જ્યાં જઈને મકાનનું દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશ કરી પિત્તળના ૫ નળ કિંમત રૂ. ૩,૫૦૦ની ચોરી કરી લઈ જતા હતા ત્યારે આજુ બાજુના લોકો દોડી આવતા બાબુભાઈ કાન્તીભાઈ ચૌહાણ, મહેશભાઈ સાબુભાઈ મરાઠી બંને પકડાઈ ગયેલા અને હિંમતનગર ટાઉન પોલીસમથકે જાણ કરતા પોલીસ આવી બંનેને પકડીને જેલ હવાલે કરેલ જ્યારે ભાગી ગયેલ બે નરેશભાઈ મંગાભાઈ રાવલ અને શૈલેષ દિનેશભાઈ ચૌહાણને બાઈક સાથે શનિવારના રોજ પકડી પાડેલ અને ચોરાયેલ નળ સહીતનો મુદ્દામાલ કબજે લઈ ચારેયને જેલ હવાલે કર્યા હતા.

# હિંમતનગરમાં સારી દાઢી કરવા બાબતે ગળા પર અસ્ત્રો માર્યો

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના મોતીપુરા વિસ્તારમાં આવેલ દિવાળી બાગ નજીક શુક્રવારની મોડી સાંજે વાળંદને ત્યાં દાઢી કરાવવા બાબતે બોલાચાલી થતા દાઢી કરનાર ઈસમના ગળા પર અસ્ત્રો માર્યો હતો. આ અંગે હિંમતનગર પોલીસમથકે ફરિયાદ નોંધાઈ હતી.

વિગત મુજબ મોતીપુરા વિસ્તારના દિવાળી બાગ રોડ નંબર-૪ નજીક શ્રીનાથ કોમ્પલેક્ષમાં વાળંદની દુકાન છે. જે દુકાનમાં નરેશભાઈ ડાહ્યાભાઈ નાયી અને ઘનશ્યામભાઈ ખેમાભાઈ શર્મા બંને જણા દુકાન ચલાવે છે અને તેની બાજુની દુકાનમાં બચુભાઈ જીવણભાઈ ભરવાડ જે શ્રોફનો વ્યવસાય કરે છે. શુક્રવારના રોજ મોડી સાંજે ૭.૩૦ વાગેના સુમારે બચુભાઈ ભરવાડ દાઢી કરાવવા માટે નરેશભાઈ નાયી પાસે ગયેલ અને દાઢી કર્યા બાદ બચુભાઈને નરેશભાઈને કહેલ કે દાઢી કેમ સારી બનાવેલ નથી તેમ કહી ગાળો બોલી દુકાનમાનો અસ્ત્રો બચુભાઈએ હાથમાં લઈ અચાનક નરેશભાઈ નાયીને ગળાના ભાગે મારી ગંભીર ઈજાઓ કરી હતી ત્યારે ગંભીર ઈજાગ્રસ્ત નરેશભાઈને તાત્કાલિક સારવાર માટે હિંમતનગર સિવિલમાં ખસેડાયેલ જ્યાં ડોક્ટરે ઈજાગ્રસ્ત ગળાના ભાગે ૧૭થી વધુ ટાંકા લીધા હતા. આ અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે ગઢોડાના ઘનશ્યામભાઈ ખેમાભાઈ શર્માએ ફરિયાદ નોંધાવતા પોલીસ તાત્કાલિક બચુભાઈ જીવણભાઈ ભરવાડની ધરપકડ કરી જેલ ભેગો કર્યો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



કાંકરેજ તાલુકાના આકોલી બસ સ્ટેન્ડ પર કેટલાક સમયથી પાણીની પાઈપલાઈન જે શિહોરી પાણી પૂરવઠાની છે તે પાઈપલાઈન ઘણા સમયથી લીકેજ થવાથી પાણીનો વ્યય થાય છે. અને આજુબાજુની જગ્યા ઉપર કાદવકિચ્ચડ થાય છે ત્યાં મચ્છરોનો ઉપદ્રવ પણ વધવા પામેલ છે છતાં તંત્ર દ્વારા આંખ આડા કાન કરી રહ્યું છે. આ પ્રશ્ને લોકોની બુમરાડ ઉઠવા પામી છે.

## ખારેડાતી વહાણા અને ઊંટવાડા માર્ગ બિસ્માર હાલતમાં

ડીસા, તા. ૨૨

પાટણ તાલુકાના ખારેડાથી ઊંટવાડા અને વહાણાને જોડતા પાકા માર્ગ બનાવવા માટે લોકોની વર્ષો જુની માંગનો કોઈ ઉકેલ નહી આવતા લોકોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે. અત્યારે આ બન્ને ગામોમાં જવા માટે લોકોને ૧૨ કિમી અંતરે ફરીને આવવું પડે છે ત્યારે આ રોડ વહેલી તકે બને તેવી આ વિસ્તારના ખેડૂતો અને લોકોની માંગણી છે.

પાટણ તાલુકાના ખારેડાથી સેખાણીપુરા થઈ વહાણા ગામને જોડતો માર્ગ બનાવવા માટે આ વિસ્તારના અગ્રણીઓ દ્વારા ઘણા સમય પહેલા માંગણી કરવામાં આવી હતી ત્યારે માર્ગ અને મકાન વિભાગના મંત્રી આનંદીબેન પટેલે જીલ્લાકક્ષાએ સર્વે કરી અહેવાલ મોકલવા હૂકમ કર્યો હતો. પરંતુ આજ સુધી આ રોડનું કામકાજ શરૂ થયું નથી. વળી કેટલાક તત્વોના ઈશારે ખારેડાથી વહાણા માર્ગને બદલે વહાણાથી ભાટસણરોડ સુધી રોડ મંજુર કરાવવા માટે પ્રયત્નો શરૂ થયા છે ત્યારે આ બાબતે આક્રોશ વ્યક્ત કરતા ખેડૂતોએ જણાવ્યું હતું કે જો વહાણાથી ભાટણસરોડ સુધી જ રોડ મંજુર થાય તો ખારેડાના એક પણ ખેડૂતને તેનો લાભ મળી શકે તેમ નથી. એટલે ભાટસણ રોડને બદલે ખરેડાથી ગૌચરમાં થઈને પસાર થતા જુના માર્ગમાં રોડ બને તો જ ખેડૂતોને ફાયદો થાય તેમ છે. જ્યારે ખારેડાથી ઊંટવાડા સુધીનો માર્ગ પણ ઘણા સમયથી અધુરો પડ્યો છે. જિલ્લાના પ્રભારી અને માર્ગ મકાન વિભાગના મંત્રી આનંદીબેન પટેલ જાહેર સભાઓમાં અનેક વખત જાહેર કરી ચુક્યા છે કે જિલ્લામાં એક પણ માર્ગનું કામ બાકી રખાશે નહી ત્યારે ખારેડાથી ઊંટવાડા અને ખારેડાથી વહાણાને જોડતા માર્ગનું કામકાજ ચાલુ કરવામાં કયો ગ્રહ નડી રહ્યો છે.

## માણસા મુખ્યમંત્રીના પુતળાનું વસ્ત્રાહરણ કરવાનો કાર્યક્રમ યુથ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો

માણસા, તા. ૨૨

થાડો સમય અગાઉ રાજ્યના મુખ્યમંત્રી દ્વારા મહિલાઓ વિશે કથિત ઉચ્ચારણો કરી અને તેઓનું અપમાન કર્યું હોવાની વાતને લઈને યુથ કોંગ્રેસ દ્વારા તેના વિરોધ માટેનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેના ભાગરૂપે આજે માણસા વિધાનસભાના યુથ કોંગ્રેસ દ્વારા મોદીના પૂતળાનું વસ્ત્રાહરણ કરવામાં આવ્યું હતું.

માણસા વિધાનસભા યુથ કોંગ્રેસ દ્વારા મુખ્યમંત્રી દ્વારા થોડા સમય અગાઉ આજની મહિલાઓ અંગે વિવાદિ નિવેદન કર્યું હોવાના આક્ષેપ સાથે આકસ્મિક રીતે મોદીના પુતળાનું વસ્ત્રાહરણ કરવાનો કાર્યક્રમ ઘડી કાઢવામાં આવ્યો હતો જેને લઈને સવારે આઠ વાગ્યાથી માણસા પોલીસ કોઈપણ મંજુરી સિવાય કાર્યક્રમ યોજવાના સમાચારથી દોડતી થઈ ગઈ હતી. ત્રણ કલાકની સંતાકુકડી બાદ છેવટે કોંગ્રેસ કાર્યકરો પુતળું ગાડીમાં લઈને ચાર વડ આગળ આવ્યા હતા. પોલીસ સાથે ઘર્ષણમાં પૂતળાને પહેરાવેલો ઝભ્ભો ફાટી જતા કાર્યક્રમ પૂર્ણ થયો હતો. પોલીસે ધારાસભ્ય બાબુજી ઠાકોર, પ્રદેશ યુથ કોંગ્રેસ પ્રમુખ પ્રકાશ ગુર્જર, જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ ધરમસી દેસાઈ, વિધાનસભા યુથ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચૌધરી, શહેર પ્રમુખ જયંતિભાઈ પટેલની અટકાયત કરી હતી.

# માણસા શહેરમાંથી માનસિક બિમાર યુવકને પોલીસે પરિવારને સોંપ્યો

માણસા, તા.૨૨

માણસા શહેરમાં ગઈકાલે રાત્રીના સમયે પોલીસ પેટ્રોલીંગ દરમિયાન એક શકમંદ યુવાન બજારમાં ફરતા પોલીસે ઝડપી પાડીને પૂછપરછ કરતાં તે અસ્થિર મગજનો અને ઘરેથી કોઈને કહ્યા વિના ચાલી નીકળ્યો હતો. જેને લેવા માટે આજે સવારે તેના કાકા પોલીસ મથકે આવ્યા હતા ત્યારે સમગ્ર હકીકત જણાવી આ બંનેને ઘરે પરત ફરવા પી.આઈ. બી.એન. દવેએ આર્થિક મદદ કરી હતી.

ગત રાત્રિએ માણસા પોલીસ પેટ્રોલીંગમાં હતી ત્યારે રાત્રિના બાર વાગ્યે ૨૦ વર્ષીય યુવક શકમંદ હાલતમાં હાઈવે પર ફરતો જોવા મળ્યો હતો. પોલીસે તેને પકડી પોલીસ સ્ટેશને લાવી કડક પૂછપરછ કરતાં આ યુવકે પોતાનું નામ લખો હોવાનું જણાવી પોતે કઠલાલનો રહેવાસી હોવાનું જણાવ્યું હતું.

જેથી પોલીસે આ યુવકના પરિવારજનોને જાણ કરતા આજે બપોરે આ યુવકના કાકા લક્ષ્મણભાઈ કાળાભાઈ પરમાર માણસા આવ્યા હતા અને તેમના જણાવ્યા મુજબ આ યુવકના માતા-પિતા મૃત્યુ પામ્યા છે અને યુવક નાનો હતો ત્યારથી તેના માથાના ભાગે ઈજા થવાના કારણે માનસિક બિમાર હતો અને તેમની પાસે જ આ યુવક રહેતો. પરંતુ ગઈ કાલે તે ઘરેથી અચાનક ગુમ થઈ ગયો હતો. જયારે બંને જણાની કથની સાંભળતા તેમની પાસે પાછા જવા માટેના પૈસા પણ નહતા ત્યારે તેના કાકાને માણસા પી.આઈ. દવે સાહેબે માનવતા દર્શાવી આર્થિક મદદ કરી રવાના કર્યા હતાં.

## પ્રાંતિજથી અંબાજી જતા યુવક સંઘ દ્વારા રજત જયંતિ મહોત્સવ ઉજવાશે

પ્રાંતિજ, તા.૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં દરજીવાસ યુવક મંડળ દ્વારા આયોજિત પ્રાંતિજ અંબાજી પગપાળા યાત્રા જતા આશરે ૧૩૦ વ્યકિતઓનો સંઘ આ વર્ષે ૨૫ વર્ષ પુરા કરતાં તેનો રજત જયંતિ મહોત્સવમાં જુદા જુદા ધાર્મિક કાર્યક્રમો ઉજવવાનો નિર્ધાર વ્યકત કર્યો હતો.

આ પગપાળા સંઘના આયોજક નરેશભાઈએ જણાવ્યા પ્રમાણે પ્રાંતિજનો પદયાત્રા સંઘ છેલ્લા ૨૫ વર્ષથી દાતાઓના સહયોગથી વાજતે ગાજતે ધજા-પતાકા સાથે જગત જનની માં અંબાના ખેડબ્રહ્મા તથા અંબાજી પદયાત્રા કરી પૂનમે પહોંચી વિધિવત પૂજા અર્ચના કરી ધજા ચઢાવી પરત ફરશે.

આ વર્ષે તા. ૨૪ સપ્ટેમ્બર ૨૦૧૨ને ભાદરવા નોમના દિવસે ધજા-પતાકા સાથે રવાના થશે. તા. ૨૭-૯-૧૨ના રોજ મા અંબાના ખેડબ્રહ્મા મંદિરે પહોંચી ધજા ચઢાવી થાળ ધરાવી મોટા અંબાજી તરફ રવાના થશે. રસ્તામાં પદયાત્રા દરમિયાન ધાર્મિક કાર્યક્રમ ઉપરાંત ‘બેટી બચાવો-બેટી વધાવો’ ‘વૃક્ષો વાવો’ વ્યસન મુકિત જેવા કાર્યક્રમોનો પ્રચાર પ્રસાર કરી માં અંબા સમક્ષ પૂનમે પહોંચી ૨૫ વર્ષ પૂરા કરશે. રજત જયંતિ વર્ષના વિવિધ કાર્યક્રમો આપી મા અંબાના આશીર્વાદ પ્રાપ્ત થાય તેવી આશા વ્યકત કરી હતી.

## સ્વામી વિવેકાનંદ યુવા શક્તિ કેન્દ્ર બનાસકાંઠા જિલ્લા દ્વારા વેબસાઈટ

પાલનપુર, તા. ૨૨

રાજ્ય સરકાર પ્રેરીત સ્વામી વિવેકાનંદ યુવા શક્તિ કેન્દ્ર બનાસકાંઠાના ઉપક્રમે ગુજરાતી ભાષામાં જિલ્લાકક્ષાની ગુજરાતમાં પ્રથમ એવી વેબસાઈટનું જિલ્લા કલેક્ટર શ્રી જે.બી. વોરાના વરદ હસ્તે તાજેતરમાં લોન્ચીંગ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે આ વેબસાઈટ દ્વારા સ્વામી વિવેકાનંદજીના જીવન અને કવન વિશે માહિતી પ્રાપ્ત થશે. તદ્‌ઉપરાંત યુવા શક્તિ કેન્દ્રો દ્વારા બનાસકાંઠા જિલ્લામાં થતી પ્રવૃત્તીઓની માહિતી યુવાનોને ઉપલબ્ધ થશે.

## પ્રાંતિજ ખાતે કોંગ્રેસનું બુથ કાર્યકર સંમેલન યોજાયું

પ્રાંતિજ, તા. ૨૨

પ્રાંતિજ શહેર ખાતે ૩૩ વિધાનસભા મતવિસ્તારનું બુથ કાર્યકર સંમેલન યોજાયું હતું. જેમાં જિલ્લા તથા તાલુકાના કોંગ્રેસના કાર્યકરો હાજર રહ્યા હતા અને અગ્રણીઓએ ઉપસ્થિત કાર્યકરોને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

પ્રાંતિજ શહેરમાં દશામાની વાડી ભાખરીયા બસ સ્ટેન્ડ પાસે બુથ કાર્યકરોનું સંમેલન યોજાયું હતું. જેમાં ચાલુ સરકાર વિરૂદ્ધની ચર્ચા કરી ચૂંટણીલક્ષી ચર્ચાઓ કરવામાં આવી હતી. કોંગ્રેસના કોઈપણ ઉમેદવાર હોય તેને જીતાડવા માટે મહેનત કરવી તેમજ કોંગ્રેસની ગરીબલક્ષી યોજનાઓ સામુહિક વિકાસ વગેરેની બાબતો મતદારો સમક્ષ રજુ કરવી અને મતદાન મથક સુધી મતદારોને પહોંચાડી કોંગ્રેસ તરફી મતદાન કરાવવાની ચર્ચાઓ કરવામાં આવી હતી. સંમેલનમાં મધુસુદન મિસ્ત્રી, વી.ડી. ઝાલા, મહેન્દ્રસિંહ બારૈયા, નરેન્દ્રભાઈ પટેલ, મણીભાઈ પટેલ, અમરીષભાઈ પટેલ અને વિશાળ સંખ્યામાં કોંગ્રેસી કાર્યકર્તા તેમજ મહિલાઓ અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરકાંઠા જિલ્લામાં બે અકસ્માતમાં બે ના મોત

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના શામળાજી ઓવરબ્રીજ નીચે શનિવારના રોજ સવારે ૧૨ વાગેના સુમારે મોડાસા તાલુકાના મોરા ગામની મહિલા ૩૫ વર્ષીય તારાબેન બચુભાઈ પરમાર રોડ ક્રોસ કરી રહ્યા હતા તે સમયે ટ્રક નંબર આર.જે.-૨૭-૯૮૯૧ એ ટક્કર મારતા મહિલા રોડ પર પટકાયેલ જે મહિલાના માથાના ઉપરથી ટ્રકના પાછળનું ટાયર ચડી જતા મહિલાનું સ્થળ પર મોત નીપજ્યું હતું. આ અંગે શામળાજી પોલીસમથકે બચુભાઈ ડાહ્યાભાઈ પરમારે ફરિયાદ નોંધાવી હતી.

જ્યારે અકસ્માતનો બીજો બનાવ હિંમતનગર તાલુકાના હાજીપુર ગામ નજીક શુક્રવારના રોજ સવારે ૯ વાગેના સુમારે કોઈ અજાણ્યા વાહને અસ્થિર મગજના ગાંડા જેવા અજાણ્યા પુરુષને ટક્કર મારી ઘટનાસ્થળે મોત નીપજાવી નાસી ગયેલ આ અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે હાજીપુર ગામના ઈશ્વરરભાઈ સોમાભાઈ ચમારે ફરિયાદ નોંધાવી હતી.


ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
‘વિદ્યાયન’ સેક્ટર-૧૦/એ, ગાંધીનગર
ટૂંકી મુદતની નિવિદા
સને ૨૦૧૨-૧૩ના વર્ષ માટે મંડળના સિંધી અને ઉર્દૂ માધ્યમના પાઠ્યપુસ્તકોનું ડીટીપી (કમ્પ્યુટરાઈઝ લેસર કંપોઝ) કામગીરી કરવા માટેના ભાવો મંગાવવામાં આવે છે. રસ ધરાવતી પાર્ટીઓએ નિયત ટેન્ડર ફોર્મ ફી રૂ. ૫૦૦/- મંડળની કચેરીમાં કચેરી સમય દરમિયાન જમા કરાવી ફોર્મ મેળવી લેવાના રહેશે. વિસ્તૃત વિગત www.statetenders.com પરથી જોઈ શકાશે. ટેન્ડર મંડળમાં પહોંચાડવાની છેલ્લી તા. ૩-૧૦-૨૦૧૨ સમય ૧૫-૩૦ કલાક સુધીમાં ટેન્ડર ખોલવાની તા. ૪-૧૦-૨૦૧૨ સમય ૧૭-૦૦ કલાક રાખવામાં આવેલ છે.
માહિતી/૧૪૭૦/૧૨-૧૩



ટચૂકડી જાહેર ખબર
અઢળક નાણાં કમાઓ
કોઈપણ લાયકાત કે મૂડી રોકાણ વગર સ્વતંત્ર બિઝનેશ કરી મહિને ૨૦,૦૦૦થી અનલિમીટેડ આવક કમાઓ
મો. : ૯૦૩૩૨૩૨૧૬૩
મો. : ૯૭૨૩૨૯૯૦૮૮
રોજના ૧૦૦૦/- રૂ. કમાઓ
વિદ્યાર્થી, ગૃહિણી, રિટાયર્ડ, અભણ, માત્ર એકવાર રૂ. ૩૦૦નું રોકાણ કરીને રૂ. ૫૦૦/- રૂ થી ૧૦૦૦/- રૂ. સુધી કમાઓ
મો. : ૯૦૩૩૨૩૨૧૬૩



A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601



ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન



ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેકટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮